ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૦૧/૦૬/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

..............................., ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સંચાલીત ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબ અંર્તગત ત્રી દિવસીય કેમેસ્ટ્રી સમર કેમ્પ યોજાયો.

ઉનાળુ વેકેશન દરમ્યાન કેમેસ્ટ્રીમાં રસ ધરાવતાં કોઈપણ વ્યકિતઓ માટે તા. ૦૬/૦૫/૨૦૧૬ થી તા.૦૮/૦૫/૨૦૧૬ દરમ્યાન ત્રણ દિવસીય કેમેસ્ટ્રી સમર કેમ્પનું ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબ અંર્તગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સ્વામી વિવેકાનંદ હોલ, એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગર ખાતે આયોજન કરવામાં આવેલ.

જેમાં કેમેસ્ટ્રી વિષયના જાણકાર અને પ્રસિઘ્ધ એવાં ડૉ. એન. કે. કુંડલીયા સર (નિવૃત પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, એમ. કે. બી. યુની., ભાવનગર), દ્વારા કેમેસ્ટ્રી વિષય પર લેકચર, સેમીનાર, ઈન્ડસ્ટ્રી વિઝીટ, કેમેસ્ટ્રી કવીઝ કોમ્પીટીશન વગેરે જેવી અલગ અલગ રસપ્રદ એકટીવીટીનું આયોજન કરવામાં આવેલ.

કેમેસ્ટ્રી સમર કેમ્પના પ્રથમ દિવસે કેમેસ્ટ્રી કવીઝ કોમ્પીટીશન યોજવામાં આવેલ. જનરલ રાઉન્ડ, સેમીફાઈનલ અને ફાઈનલ એમ કુલ ત્રણ રાઉન્ડમાં કવીઝ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જેમાં વિજેતા સ્પર્ધકને રોકડ પુરસ્કાર આપી પુરસ્કૃત કરવામાં આવેલ. કેમેસ્ટ્રી કવીઝ કોમ્પીટીશનનું સંચાલન ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબના સક્રીય સભ્યો દ્વારા કરવામાં આવેલ.

કેમેસ્ટ્રી સમર કેમ્પના બીજા દિવસે ભાવનગર ખાતે આવેલ વિવિઘ ખાતરોના ઉત્પાદનોમાં જાણીતી એવી એકસેલ ક્રોપ કેર લિમીટેડની મુલાકાતનું આયોજન કરવામાં આવેલ. જેમાં એકસેલ ક્રોપ કેરના શ્રી પંડયા સરે એકસેલ ક્રોપ કેરનો ઈતીહાસ, કામગીરી, ઉત્પાદન વગેરે વિશે માહિતી આપી. ત્યારબાદ શ્રી તુષારભાઈ અને શ્રી ઈમરાનભાઈ (સેફટી ડિપાર્ટમેન્ટ, એકસેલ ક્રોપ કેર)એ ઈમરજન્સી સેફટી, ઔદ્યોગીક અને હાઉસ હોલ્ડ સેફટી, વગેરે વિશે સમજણ આપી હતી. આ ઉપરાંત આર.એન.ડી અને સોઈલ ડિપાર્ટમેન્ટની પણ મુલાકાત લીધી હતી.

કેમેસ્ટ્રી સમર કેમ્પના અંતીમ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા કેમેસ્ટ્રીને લગતાં વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશન આપવામાં આવેલ. સમાપન કાર્યક્રમમાં ડૉ. એન. કે. કુંડલીયા સર (નિવૃત પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, એમ. કે. બી. યુની., ભાવનગર), ડૉ. હિતેષ શાહ (એસોશીએટ પ્રોફેસર, સર પી.પી. ઈન્સટીટયુટ ઓફ સાયન્સ), ડૉ. ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) હાજર રહયા હતા. કેમેસ્ટ્રી સમર કેમ્પમાં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઉપરોકત કાર્યક્રમને સફળ બનાવવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમને સંપુર્ણ માર્ગદર્શન ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા આપવામાં આવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.